



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

** વચનામૃત ગઢડા મધ્ય, પ્રકરણ ૬૨ : 'આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું ને દાસપણાનું'નું નિરૂપણ, ૨૧ ડિસેમ્બર ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, મોગરી*

**શ્રીજી** મહારાજે બંને આચાર્યોને બોલાવ્યા. મોટા ભાઈ રામપ્રતાપભાઈના દીકરા અયોધ્યાપ્રસાદજી કે, જેઓ શ્રી નરનારાયણ દેવ-અમદાવાદ ગાદીના આચાર્ય અને નાના ભાઈ ઈચ્છારામભાઈના દીકરા રઘુવીરજી મહારાજ કે, જેઓ શ્રી લક્ષ્મીનારાયણ દેવ-વડતાલ ગાદીના આચાર્ય; તેઓ બંનેને સભામાં બોલાવ્યા ને કહ્યું, 'તમે અમને પ્રશ્ન પૂછો.'

***પછી પ્રથમ અયોધ્યાપ્રસાદજીએ પ્રશ્ન પૂછ્યો જે, "આ સંસારને વિષે એવો પુરુષ હોય જે, આઠો પહોર તો સંસારની વિટંબણામાં રહ્યો હોય અને ગમે એવું યોગ્ય-અયોગ્ય કર્મ પણ થઈ જતું હોય, અને તે એક ઘડી કે બે ઘડી ભગવાનનું ભજન કરતો હોય, ત્યારે તે ભજને કરીને તેણે દિવસ બધામાં પાપ કર્યું તે બળે કે ન બળે ? એ પ્રશ્ન છે."***

ધ.ધૂ.પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજ અને ધ.ધૂ.પ.પૂ. રઘુવીરજી મહારાજ શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી ગૃહસ્થી બન્યા હતા. આપણા સંપ્રદાયમાં આચાર્યપદ વારસાગત છે, તો તેઓએ સર્વ ગૃહસ્થો માટે પ્રશ્ન પૂછ્યો.

***પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "સારો દિવસ પ્રવત્તિમાર્ગમાં રહીને ગમે તેવી ક્રિયા કરી હોય ને ભગવાનનું ભજન કરવા બેસે તે સમે એ ભજનના કરનારાનાં ઈન્દ્રિયો, અંતઃકરણ અને જીવ એ સર્વે એકાગ્ર થઈને જો ભજનમાં જોડાય, તે એવી રીતે એક ઘડી કે અર્ધી ઘડી પણ જો ભગવાનના ભજનમાં જોડાય તો સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય છે."***

જુઓ, મહારાજે કેટલી સરસ વાત કરી ! પ્રવૃત્તિમાં જે ગૃહસ્થ હોય કે કર્મયોગી સંતો હોય, તેનાથી આખા દિવસ દરમિયાન જાણપણે કે અજાણપણે ભગવાન રાજી ના થાય એવું વર્તાયું હોય, કંઈ પાપ થયું હોય તો તે કેવી રીતે ટળે ? પાપ અને પુણ્ય એટલે શું ? ભગવાન રાજી થાય એવી પ્રવૃત્તિ કે કર્મ એ પુણ્ય અને ભગવાન રાજી ના થાય એવાં વિચાર, વાણી ને વર્તનથી જે કર્મ થાય એ પાપ. એટલે કે, નકારાત્મક પ્રવૃત્તિ એ ઉધાર પાસું અને સત્કર્મ થાય એ જમા પાસું. જમા પાસું એટલે પુણ્ય અને ઉધાર પાસું એટલે પાપ. ઉધાર પાસું વધી જાય તો માણસ દુઃખી થાય, જમા પાસું વધી જાય તો માણસ સુખી થાય.

આખા દિવસમાં આપણને કેવાં કેવાં માણસો મળતાં હોય છે ? ઘણાને ડંબેલ્સ જેવાં માણસો ભેગાં થઈ જતાં હોય છે. સંતોને તો સારું છે, પણ ગૃહસ્થોને તો કામધંધા માટે, વ્યવહાર માટે બધે ફરવાનું હોય, બધાંને મળવાનું હોય ત્યારે એમાં સારું-ખોટું બોલાયું હોય, સારું-ખોટું સાંભળ્યું હોય, સારું-ખોટું વિચારાયું હોય તો એ બધું માફ થાય કે ના થાય? મહારાજે કહ્યું કે, 'ભગવાનની મૂર્તિમાં એકાગ્ર થઈને ઘડી કે અર્ધ ઘડી પણ જો ભગવાનના ભજનમાં જોડાય તો સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય છે.' ઘડી એટલે ચોવીસ મિનિટ અને અર્ધ ઘડી એટલે બાર મિનિટ. ગોળા હિસાબે પંદર મિનિટ કે અડધો કલાક એકાગ્ર થઈને ભગવાનનું ભજન-સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન કરે તો પાપ બળીને બધું ખાખ થઈ જાય !

અત્યારે સાયન્સ પણ એના ઉપર કામ કરી રહ્યું છે. અમેરિકાના ન્યૂરો ફિઝિશ્યન, ન્યૂરો સર્જનોને એક વિચાર આવ્યો કે, એનો એ માણસ ઘણી વખત સારું કામ કરવા, સારી પ્રવૃત્તિ કરવા માટે એટલો બધો ઉત્તેજિત હોય, ઉત્સાહમાં હોય અને એ જ માણસ ઘણી વખત આસુરીભાવ-નકારાત્મકભાવની પક્કડમાં આવી જાય તો ગુસ્સે થઈ જાય, ખૂન કરી નાખે, બીજાનું બગાડી નાખે. આપણને પણ એમ થાય કે, એનાં બે સ્વરૂપ છે ? તો, આ છે શું ? એટલે તેઓ માણસના બ્રેઈનનો અભ્યાસ કરે છે. પછી રિસર્ચ કરતાં કરતાં તેમણે એક વસ્તુ શોધી કાઢી કે, જો કોઈ પણ વ્યક્તિ દિવસમાં પંદર મિનિટ કે અડધો કલાક ધ્યાન કરે, પ્રાર્થના કરે (સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભગવાનનું ભજન કરે), સારાં પુસ્તકો (શ્રીમદ્ ભાગવત, ભગવદ્ ગીતા, વચનામૃત, સ્વામીની વાતો) વાંચે, સ્વાધ્યાય કરે કે સારા માણસની સાથે વાર્તાલાપ કરે, સત્સંગ કરે, સારા વિચાર (એટલે કે, ગુરુના મહિમાના વિચાર) કરે; તો એના બ્રેઈનમાં રહેલા જે નકારાત્મક પૉઈન્ટ્સ કે જે એને ગુસ્સો કરાવે છે, ખોટું વર્તાવે છે, એ બધા પૉઈન્ટ્સ બદલાતા જાય અને માણસ સારો થતો જાય.

જે વાત સાયન્સ હવે કહી રહ્યું છે એ વાત સ્વામિનારાયણ ભગવાને ૨૦૦ વર્ષ પહેલાં આપણી આગળ કહી કે, ઘડી કે અર્ધ ઘડી - બાર મિનિટ કે ચોવીસ મિનિટ તમે જો ભગવાનનું એકાગ્ર ચિત્તે ભજન કરો તો તમારામાં રહેલો નકારાત્મકભાવ-આસુરીભાવ બળીને ખાખ થઈ જશે. તો જે ખોટું કર્મ થઈ ગયું, ખોટું બોલાઈ ગયું, ખોટું વિચારાઈ ગયું એનો જે પાશ અંદર પડ્યો છે એ વૉશઆઉટ થઈ જશે અને તો એ રોજબરોજના કામમાં દુઃખ નહિ ઉપજાવે. એટલે યોગીબાપાએ કહ્યું કે, 'રોજ ભજન કરો. અડધો કલાક ધૂન કરો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'

કોઈએ બાપાને પ્રશ્ન પૂછ્યો કે, 'બાપા અમે ધૂન કરીએ છીએ, પણ મન ચકડોળે ચઢે છે. બરાબર એકાગ્ર થઈને ધૂન થતી નથી.' સ્વાભાવિક છે કે, તમે ધૂન કરવા બેસો તો પંદર મિનિટ, અડધો કલાકની ધૂનમાં બે-ચાર મિનિટ એકાગ્રતા રહે. તો યોગીજી મહારાજ કહે, 'જુઓ, આપણા સ્થૂળ દેહ - ફિઝિકલ બૉડી ઉપર આપણો કન્ટ્રોલ છે, પણ સૂક્ષ્મ દેહ ઉપર આપણો કન્ટ્રોલ નથી.' આંખ બંધ કરીને મનને કહેવું કે, 'એય, બેસી રહેજે અહીં, આઘું પાછું ના થઈશ.' રસોડાવાળાનું મન રસોડામાં જતું રહે, ઘરવાળાનું ઘરે જતું રહે. ઘણા છોકરાને રમાડતા હોય, ઘણા બિઝનેસ કરતા હોય. મન આપણા કન્ટ્રોલમાં નથી. અને વળી તમે ના કહો તો પાછું વધારે કૂદકા મારે. આમ, સૂક્ષ્મ દેહ - મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર - જે ઈનર બૉડી છે એના ઉપર આપણો કન્ટ્રોલ નથી. આપણો કન્ટ્રોલ સ્થૂળ દેહ ઉપર છે. તો બાપા કહે, 'તમે સ્થૂળ દેહે કરીને ધૂન કરવા બેસી જાઓ, સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કર્યા કરો. બાકીનું બધું અમે કરી આપીશું.' આમ કરવાથી શું થશે ?

આ સભામાં કોઈ બહેન નાનું બાળક લઈને આવ્યાં હોય તો બાળક પહેલાં તો કુતૂહલવશ થઈ પાંચ-પંદર મિનિટ ખુશ થઈને શાંતિથી બેસી રહે. પણ પછી સભામાં થતી આત્મા-પરમાત્માની વાતોમાં એને કંઈ સમજ પડે નહીં એટલે બોર થાય ને ઉં...હું... ઉ...હું... કરે. એટલે એની મા કહે, 'બેસ છાનોમાનો, ચૂપ થઈ જા.' એટલે ચૂપ થઈ જાય, પણ થોડીવાર પછી પાછો ચાલુ કરે, ઉં...હું.. ત્યારે મા એને ધમકાવે એટલે રડવા માંડે, ભેંકડો તાણે. બધાનું ધ્યાન એ બહેન બાજુ જાય એટલે એ બહેનને ઊઠીને બાળકને લઈને સભાની બહાર જતું રહેવું પડે. પણ તમે સભામાં આવતાં બાળકને છૂટ્ટું ગાર્ડનમાં રમવા મૂકી દો. ખાલી એટલું જ જોવાનું કે, કોઈ વાહનોની અવરજવર થતી નથી ને ! એટલે કે કોઈ નુકસાન થાય તેમ નથી ને ! પછી ભલેને એ બહાર ગાર્ડનમાં કૂદ્યા કરે, ગુલાંટો મારે. બાળકની કૅપેસિટી કેટલી ? અડધો કલાક, પોણો કલાકમાં તો ગુલાંટો મારવાથી રમવામાં એની બધી ઍનર્જી ખલાસ થઈ જાય એટલે પાછું એની મમ્મીને શોધતું શોધતું આવે ને મમ્મીના ખોળામાં માથું મૂકીને સભામાં જ સૂઈ જાય. એમ બાપા કહે, 'મનની તાકાત કેટલી ?' એને કહેવું કે, જા ચંદ્રલોક સુધી ફરી આવ, હું ધૂન કરું છું. એક દિવસ, બે દિવસ, મહિનો, બે મહિના, વરસ, બે વરસ, પાંચ વરસ, પછી એક સમય એવો આવશે કે, પેલા બાળકની જેમ મનની ઍનર્જી ખલાસ થઈ જશે. એટલે મન પ્રશાંત, નિર્વિચાર અવસ્થામાં આવી જશે. લો, વિચાર કરો, વિચારવિહીન ! મગજ સાવ ખાલી નહીં થઈ જાય, પણ મન શાંત થઈ જશે, એકાગ્રતા આવી જશે. ધીરજ રાખીને ધૂન કર્યા કરો, પણ માણસને ધીરજ નથી રહેતી.


માણસ જન્મ્યા પછી ૨૫-૩૦ વર્ષ સુધી ડૉક્ટર થવા માટે ધીરજ રાખે છે, પણ ભજન કરવામાં વરસ-બે વરસ પણ ધીરજ રહેતી નથી. ધીરજ રાખીને ધૂન, ભજન, પ્રાર્થના કર્યા કરો. મહારાજ કહે છે કે, 'તો દિવસ દરમિયાન કરેલી ગમે તેવી પ્રવૃત્તિનો પાશ નહીં લાગે.' પાપ બળી જશે એટલે એનો પાશ નહીં લાગે, અંદરથી તમે ક્લિન રહેશો. માણસને તકલીફ કરાવે છે પાશ. પાશ પડી જાય છે ને બધા - જેને આપણે પ્રારબ્ધ કહીએ છીએ, એ પ્રારબ્ધ પછી રોજબરોજના જીવનમાં ઈન્ટરફિયર થાય છે. સુખી-દુઃખી કરે છે. પણ રોજનું રોજ ભજન કરે, પ્રાર્થના કરે એટલે પ્રારબ્ધ જેવું રહે જ નહીં, ચોખ્ખાચટ. ભગવાનની સ્મૃતિ સાથે આખો દિવસ આપણને આનંદ જ રહે.

**અને ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવ તે એકાગ્ર થઈને જો ભગવાનના ભજનમાં ન જોડાય તો તેના ભજન થકી તો ઘડી કે અર્ધ ઘડીમાં પાપ ન બળે અને એનું જે કલ્યાણ તે તો ભગવાનને પ્રતાપે કરીને થાય. એનો એ જ ઉત્તર છે.**

કલ્યાણ તો આપણું ભગવાનના પ્રતાપે અને ભગવાનના આશરે કરીને થાય છે. ભગવાન મળ્યા, સત્પુરુષ મળ્યા તો કલ્યાણ તો થઈ રહ્યું. પણ જો સ્થૂળ દેહના ભાવો બદલવા છે, સૂક્ષ્મદેહના ભાવોને દૈવીભાવમાં પરિવર્તિત કરવા છે તો પછી ભજન, પ્રાર્થના, સેવા, સમાગમ કરવાં પડે.

***પછી રઘુવીરજીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! આ જીવનો મોક્ષ તે કેમ કરે ત્યારે થાય છે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેને પોતાનું દેહ, ધન, ધામ, કુટુંબ, પરિવાર એ સર્વેને ભગવાનની સેવામાં જોડી દેવાં અને ભગવાનની સેવામાં જે પદાર્થ કામ ન આવે તો તેનો ત્યાગ કરી દેવો. એવી રીતે જે ભગવાન-પરાયણ વર્તે તે ગૃહસ્થાશ્રમી હોય તોય પણ મરે ત્યારે***

પાપ અને પુણ્ય એટલે શું ?
ભગવાન રાજી થાય એવી પ્રવૃત્તિ એ પુણ્ય
અને ભગવાન રાજી ના થાય
એવાં વિચાર, વાણી ને વર્તનથી જે થાય
એ પાપ !





**ભગવાન આપણું પ્રારબ્ધ લઈને**
**આપણને સુખી કરવા આવ્યા છે.**
**એમને નથી સોનું જોઈતું, નથી રૂપિયા જોઈતા.**
**એમને તો આપણે જેની સાથે બંધાયા છીએ,**
**જેમાં આસક્ત થયા છીએ**
**એમાંથી આપણને મુક્ત કરવા છે !**

***ભગવાનના ધામમાં નારદ-સનકાદિકની પંક્તિમાં ભળે અને પરમ મોક્ષને પામે. એનો એ જ ઉત્તર છે."***

સાંભળ્યું ? શું કહ્યું ? કઈ પંક્તિમાં ? નારદ-સનકાદિકની – સાધુની પંક્તિમાં મહારાજે ગૃહસ્થોને મૂક્યા. પણ એ માટે ફી ચૂકવવી પડે. ધન, ધામ, કુટુંબ, પરિવાર ભગવાનને અર્થે કરી દેવું એટલે, એ બધું અહીં લઈને નહીં આવતું રહેવાનું, પણ આપણું જે કંઈ છે તે બધું ભગવાનનું છે, ભગવાનની સેવામાં જ્યારે જરૂર પડે ત્યારે હિચકિચાટ ના કરવો, સમર્પિત થઈ જવું. પૂ. મહંત સ્વામી, પૂ. હરિપ્રસાદ સ્વામી, પૂ. અશ્વિનભાઈ, પૂ. શાંતિભાઈ, પૂ. રતિભાઈ, પૂ. સનંદભાઈ, પૂ. હર્ષદભાઈ, પૂ. પૂનમભાઈ, પૂ. વી.એસ.– આ સંતોની મહાનતા એ છે કે, તેઓ ૨૦-૨૨ વર્ષના હતા ત્યારે યોગીબાપાએ હાકલ કરી, કહ્યું કે, 'સાધુ થઈ જાવ !' તો 'કેમ થશે ?, શું થશે ?, 'આટલું લાંબું સાધુ થઈને કેવી રીતે જિવાશે ?, ફાવશે – નહીં ફાવે' એવો કશો વિચાર કર્યા વગર ખાબક્યા, જીવન સમર્પિત કર્યું. આ સંતોએ આખી જિંદગી ભગવાનને અર્થે સમર્પિત કરી દીધી છે એટલે તેઓ પ્રસન્નતાનું પાત્ર બની ભગવાનના દીકરા થઈ ગયા છે, એમનું ભગવાન જતન કરે છે. એ પંક્તિમાં આપણને મૂકવા છે. કઈ પંક્તિમાં ? સાધુની પંક્તિમાં. ભગવાન એવું નથી કહેતા કે બધું અહીં મૂકી જાવ, પણ ભગવાનને અર્થે કરી રાખો. ભગવાનની સેવામાં જ્યારે જરૂર પડે ત્યારે હિચકિચાટ ના કરો, આપી દો, સમર્પિત થઈ જાવ. તમને ખોટ નહીં જાય. આ બધા સંતોને કંઈ ખોટ ગઈ ?

ભગવાન આપણું પ્રારબ્ધ લઈને આપણને સુખી કરવા આવ્યા છે. એમને નથી સોનું જોઈતું, નથી રૂપિયા જોઈતા. એમને તો આપણે જેની સાથે બંધાયા છીએ, જેમાં આસક્ત થયા છીએ એમાંથી આપણને મુક્ત કરવા છે. અને એ વસ્તુ આપણી પાસેથી માંગી, એના પુણ્યના પ્રતાપે આપણને એનાથી મુક્ત કરે છે. જે આપણે એમને આપ્યું હોય એ ધોઈ-ચોખ્ખું કરીને અનંતગણું પાછું આપણને આપે છે. તમે કોઈ પાડોશીને ત્યાં શાકભાજી આપી આવો, કોઈ પાત્રમાં દૂધપાક-બાસુંદી આપી આવો, તો એ વાસણ કંઈ એવું ને એવું પાછું આપે આપણને ? ચોખ્ખું ચણાક કરીને ને એમાં સૂકો મેવો કે એવું કંઈક મૂકીને પાછું આપે. સામાન્ય ગૃહસ્થ પણ લેતી-દેતીમાં આવો વ્યવહાર કરે તો ભગવાન સાવ ગૃહસ્થથી પણ જાય ? એમને તો તમે સ્ટીલનું આપ્યું હોય તો સોનાનું બનાવીને આપે. પણ આપણને ધીરજ રહેતી નથી.

મહંત સ્વામી કહે, 'રૂપિયો મંદિરના ગલ્લામાં નાખ્યો એટલે મનમાં એમ થાય કે, આ રૂપિયો ગયો.' મંદિરમાં રૂપિયા નાખવાનું દાનપેટીમાં ખાનું હોય છે તેમાં ૧૦ રૂપિયા, ૧૦૦ રૂપિયા નાખે એટલે ઘણાને થાય કે, આ ગયો... ગયો. અને બૅન્કમાં આપણે જે રૂપિયા મૂક્યા હોય તે આપણા રહ્યા, પાસબુકમાં લખાય તે રહ્યો... રહ્યો... રહ્યો. પણ બૅન્કો ઊઠામણાં કરે તો બધાય પૈસા ગયા ને અહીં ભગવાનના ગલ્લામાં નાખ્યા એ જ રહ્યા.

માણસ વિચિત્ર પ્રાણી છે. જ્યાં ઈન્વેસ્ટમૅન્ટ કરવાનું હોય ત્યાં નથી કરતો અને જ્યાં નથી કરવાનું ત્યાં ફાંફાં મારીને કરે છે. એટલે આ યુગનો મોટામાં મોટો ચમત્કાર કે અજાયબી કહો તો એ છે કે, ભગવાનના કાર્યમાં એની ચાંચ ખૂંપતી નથી અને જેમાં ચાંચ નથી ખુંપાડવાની એવા વ્યવહારમાં-સંસારમાં એની ચાંચ બહુ ખૂંપે છે. એટલે મહારાજ કહે, અમે શું કરીએ ? તમે જાતે દુઃખી થાવ છો. બાકી, જો સમજદારી રાખીને જીવન જીવો તો માનવ દેહે સુખ, સુખ ને સુખ જ છે. એટલે સ્વામિનારાયણ ભગવાને કહ્યું, 'ધન, ધામ, કુટુંબ, પરિવાર ભગવાનને અર્થે કરી રાખો, ભગવાનનું માનીને વાપરો.' આ ગાડી પ્રભુની છે. અરસપરસ ધણી-ધણિયાણી પ્રભુએ આપેલી ભેટ છે એવા ભાવથી જો પ્રવૃત્ત રહો તો સંસાર પણ દિવ્ય છે, સંસાર પ્રભુનો પ્રસાદ બની જતાં તે ભોગવવા છતાં તેમાંથી ભોગનો ભાવ નીકળી જશે, અપેક્ષાઓ જતી રહેશે, કકળાટ-કંકાશ જતા રહેશે; કેટલો મોટો ફાયદો !

***શ્રીજી મહારાજ પછી પોતાની ઈચ્છાએ કરીને બોલતા હવા જે, "અમે જે દિવસથી વિચારીએ છીએ તે દિવસથી અમારી નજરમાં એમ આવે છે જે, જીવના કલ્યાણને અર્થે ત્રણ અંગ છે તે અતિ સુખદાયી છે."...***

તમે જુઓ, આ પૃથ્વી પર માણસની છ અબજની વસ્તી છે છતાં કોઈ ફરમો રિપીટ થતો નથી. ઍક્સિડન્ટલી કોઈ બે-પાંચ માણસ સરખાં લાગે તો બંનેનાં સ્વભાવ-પ્રકૃતિ ભિન્ન હોય. એકને બટાકા ભાવે તો બીજાને કારેલા ભાવે. સરખો ફરમો હોય તોપણ દરેકની પ્રકૃતિ બદલાય. સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, સમજણ, પ્રીતિ ને દાસત્વ-વિશ્વાસ; ત્રણ અંગના મિશ્રણથી માણસનો

સ્વભાવ ને પ્રકૃતિ બને છે. એટલે ભક્તિ પણ ત્રણ અંગે થાય છે. મહારાજનું ભજન ત્રણેય અંગવાળા ભક્તો પોતપોતાની રીતે કરે છે. ઘણા બેઠા હોય તો ઘણા ધ્યાન કરતા હોય. ઘણાને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરે તો મજા આવે તો ઘણાને કથા-વાર્તામાં મજા આવે. દરેકનાં અંગ જુદાં જુદાં હોય. ઘણાને સેવાનું અંગ હોય તો સેવા જ કર્યા કરતા હોય.

ત્રણ અંગ કહ્યાં. એક તો અતિશય આત્મનિષ્ઠા એટલે સમજણ-બુદ્ધિપ્રધાન. સમજણવાળો એટલે જ્ઞાની. આત્મનિષ્ઠા એટલે સત્પુરુષને પોતાનો આત્મા માની વર્તે. 'અક્ષરં અહમ્' અક્ષરરૂપ એવા સાધુ એ મારું સ્વરૂપ છે. જેમ સ્ત્રી છે એની આઈડેન્ટિટી જુદી છે, એનું દેહ જુદું છે, પણ જે પુરુષને પરણી એ પુરુષને પ્રભુનું સ્વરૂપ માનીને એનામય થઈને જીવન જીવે, તો એનું અસ્તિત્વ એમાં વિસર્જિત થઈ ગયું. એમ, સત્પુરુષને પોતાનું સ્વરૂપ માનીને એ મય રહેવા પોતાના અસ્તિત્વનું વિસર્જન કરી નાખે એ આત્મનિષ્ઠા. આત્મામાં રહેલા પરમાત્માને પ્રકાશિત કરવો એટલે સત્પુરુષ પ્રભુનું સ્વરૂપ છે એમનામાં જોડાઈ, આત્મામાં રહેલો પ્રકાશ એને એ પ્રકાશિત કરે એટલે પોતાનો ભાવ છૂટી જાય.

બીજું અંગ પ્રીતિનું એટલે પતિવ્રતાપણું. પોતાને જે ગુરુને વિષે, જે ભગવાનને વિશે ભાવ થયો એને પરમેશ્વરનું સ્વરૂપ માને. જેમ સ્ત્રી જે પુરુષને પરણી પછી બીજા એના પતિ કરતાં ગમે એટલા સારા પુરુષ હોય, દેખાવડા હોય, બળવાન હોય, પૈસાદાર હોય પણ એના માટે તે બાપ, દીકરા કે ભાઈ સમાન છે. એક પતિ જ એનો પરમેશ્વર. એમ જે ગુરુ અને જે ભગવાનને વિશે ભાવ થયો એમને પોતાના ઈષ્ટદેવ માની, એમને જ વિશે એક અડીખમ નિષ્ઠા રાખીને એમની આજ્ઞામાં જડબેસલાક રહે, એમનું જ ચિંતવન કરે, એમની જ મૂર્તિ ધારે, એમની આજ્ઞા પ્રમાણે જીવન જીવવાનો આલોચ રાખે એ પતિવ્રતાપણું.

ત્રીજું દાસપણાનું અંગ-વિશ્વાસનું અંગ કે, આ જ મારા કલ્યાણદાતા ! બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, 'આખી દુનિયામાં હું જોઉં છું કે, તમારા જેવો કોઈ ભગવાન નથી. જો હોત તો હું ત્યાં જતો રહેત, પણ કલ્યાણ અહીંયાં જ છે.' જે સત્પુરુષ મળ્યા, જે ભગવાન મળ્યા એ જ મારા કલ્યાણદાતા છે. મારું હિત એ જ કરશે, એવા પરમ વિશ્વાસથી, દાસત્વભાવે સેવા-ભક્તિ કરે.

*"હનુમાનજી તથા ઉદ્ધવજીની પેઠે દાસભાવે ભગવાનનું ભજન કરવું."*

શુકદેવજી આત્મનિષ્ઠ પુરુષ. ગોપીઓએ પતિવ્રતાપણે ભક્તિ કરી, કૃષ્ણનો પ્રભુરૂપે - પતિરૂપે સ્વીકાર કર્યો. અને હનુમાનજીએ રામચંદ્ર ભગવાનના દાસ થઈને સેવા કરી તો આ બધાંય પ્રભુનાં સ્વરૂપ થઈ ગયાં, અત્યારે પૂજાય છે.

શુકદેવજી મુનિ વેદવ્યાસના દીકરા. પૂર્વના જબરદસ્ત યોગભ્રષ્ટ આત્મા. હું આણંદ ૧૯૫૨માં ભણવા આવ્યો તે પહેલાં વડોદરામાં ટૉકિઝમાં ફિલ્મ જોયેલી, પણ આણંદમાં મેં પહેલામાં પહેલી શુકદેવજી ઉપર બનેલી ફિલમ 'શુકરંભા' ગોપાલ ટૉકિઝમાં જોઈ હતી. એમાં આ આખું બતાવ્યું છે. શુકદેવજી ભગવાનરૂપ મુનિ વેદવ્યાસના દીકરા હતા. તેઓ અઢાર વર્ષના થયા ત્યારે એમને થયું કે, મારે સંસારમાં જવું નથી. એટલે સાધુ થવા અડધી રાત્રે ઘર છોડીને જંગલમાં ભાગ્યા. સવારે ખબર પડતાં મુનિ વેદ વ્યાસ પાછળ દોડ્યા. પણ આ તો દૂર નીકળી ગયા હતા. એટલે વેદવ્યાસે બૂમ પાડીને કહ્યું, 'હે શુકદેવજી ! ઊભા રહો. હું તને પાછો આવવા માટેનું નથી કહેતો. તું સંસાર છોડીને સંન્યાસ લેવા જાય છે એટલે હું બહુ રાજી છું. જે હું નથી કરી શક્યો એ તું કરી રહ્યો છે તેથી હું ખૂબ ખુશ છું. પણ એટલું યાદ રાખ કે, આ પૃથ્વીના ગોળા ઉપર સંસાર ક્યાં નથી ? પૃથ્વીના ગોળા ઉપર એવી કોઈ જગ્યા નથી કે જ્યાં સંસાર ના હોય ! સંસાર તારા હૃદયમાં છે, એ સંસારથી છૂટવા માટે કોઈ તપ-વ્રત કામ નહીં લાગે. પણ તારે સાચી સાધુતા પ્રાપ્ત કરવી હોય તો જનક રાજાને તારા ગુરુ બનાવજે-એ કહેવા મેં તને ઊભો રાખ્યો છે. બીજે ક્યાંય ફાંફાં ના મારીશ. તપ-વ્રત કરીશ તો તારી પાસે રિદ્ધિ-સિદ્ધિ, ચમત્કારોની વિદ્યા એવું બધું બહુ આવશે. એનાથી તું પુજાઈશ, પણ આંતરિક સાધુતા ખીલવવી હોય તો ગુરુ જોઈશે, અને એવા જનકને તું ગુરુ બનાવજે.' અને શુકદેવજીએ જનક રાજાને ગુરુ બનાવ્યા, એમાં એ શ્રી કૃષ્ણનું સ્વરૂપ થઈ ગયા.

શુકદેવજીને લોભાવવા માટે ઈન્દ્ર રાજાએ રંભા નામની અપ્સરાને મોકલી. રંભાએ કહ્યું, 'મારે તમારી સાથે લગ્ન કરવું છે.' શુકદેવજી ખૂબ તેજસ્વી ને રૂપવાન યુવાન હતા અને તપ-વ્રતને લીધે એમના મુખારવિંદ ઉપર ખૂબ દિવ્ય તેજ હતું. શુકદેવજી ઊભા થયા ને કહ્યું, 'અહીં આવ, મારી સામું જો!' તેમણે

'અક્ષરં અહમ્'
અક્ષરરૂપ એવા સાધુ એ મારું સ્વરૂપ છે.
સત્પુરુષને પોતાનું સ્વરૂપ માનીને
પોતાના અસ્તિત્વનું વિસર્જન કરી નાખે
એ આત્મનિષ્ઠા.





**જે ગુરુ અને જે ભગવાનને વિશે ભાવ થયો એમને પોતાના ઇષ્ટદેવ માની, એમને વિશે અડીખમ નિષ્ઠા રાખી, એમનું જ ચિંતવન કરે, એમની જ મૂર્તિ ધારે, અને એમની આજ્ઞા પ્રમાણે જીવન જીવવાનો આલોચ રાખે એ પતિવ્રતાપણું.**

આંખ બંધ કરી. શરીરનો ઉપરનો બધો ભાગ નીકળી ગયો, સ્કેલેટન-હાડકાનો આખો દેહ બતાવ્યો. રંભા તો ગભરાઈ ગઈ. ત્યારે શુકદેવજી કહે, 'આની સાથે તારે લગ્ન કરવું છે? ઉપર જે સારું દેખાય છે પણ એની અંદર આ બધું છે. આની સાથે પરણીને તું શું કરીશ?' પેલી અપ્સરા શુકદેવજીને લોભાવવા આવી હતી, પણ એ શુકદેવજીની શિષ્યા બનીને ભજનમાં લાગી ગઈ. આ વસ્તુ ફિલ્મમાં મેં જોઈ ત્યારે મારી ઉંમર ૧૨-૧૩ વર્ષની હતી. યુવાનીમાં પ્રવેશ કરતો હતો. ત્યારે મારા જીવનનો આદર્શ નક્કી થયો. મને થયું કે, જો હું ભગવાનને માર્ગે ચાલીશ તો મારે શુકદેવજી જેવા થવું છે. શુકદેવજી મારો આદર્શ હતા. એ શુકદેવજીની જ શ્રીજી મહારાજ વાત કરે છે - આત્મનિષ્ઠ પુરુષ! એને કોઈ ડરાવી-ડગાવી-લોભાવી ના શકે. કોઈ પ્રલોભન એને સાધુના માર્ગેથી પાડી ન શકે.

અત્યારે બ્ર.સ્વ. યોગીબાપાએ બનાવેલ આપણા આ સંતો એવા શુકદેવજી જેવા જ છે. શાંતિભાઈ, અશ્વિનભાઈ અને એક એક વ્રતધારી સાધુને તમે જુઓ! શાસ્ત્રોમાં જે સંતોનાં વર્ણન છે એ સંતો આપણી જોડે બેઠા છે. આ સંતોની સાથે રહીને આપણે ભક્તિ કરી રહ્યા છીએ. એમને પોતાનું સ્વરૂપ માનીએ, એમને આપણો આત્મા માનીએ તો આપણી પણ એવી સ્થિતિ થઈ જાય. પણ આપણા જેવા થઈને આપણી સાથે છે એટલે આપણને એમનો યથાર્થ મહિમા નથી. જે ગોપીઓની વાત થાય છે, જે શુકદેવજીની વાત થાય છે, જે હનુમાનજીની વાત થાય છે, પરોક્ષમાં જે ભક્તો થઈ ગયા અને જેમનાં ગુણગાન ને મહિમા ગાઈએ છીએ; એવા જ ભક્તો આપણી સાથે આ સભામાં બેઠા છે. પ્રભુને એ સમજણથી આપણને જીવતા કરવા છે.

***"પતિવ્રતાનું જે અંગ છે તે તો વ્રજની ગોપીઓના જેવું જોઈએ."***

વ્રજની ગોપીઓ પરણેલી હતી, પણ એ તો દેહના પતિ. એમના આત્માનું પરમાત્મા સાથે જોડાણ હતું એટલે દેહના ભાવથી ઉપર ઊઠીને ભગવાનને પ્રેમ કરતી હતી. આત્માનો પરમાત્મા સાથે પ્રમે હતો. એમાં ભોગ નહોતો, કોઈ આકર્ષણ નહોતું, કોઈ અપેક્ષા વગરનો નૅચરલ પ્રેમ હતો. ભગવાનને અર્થે સમર્પિત થઈને, ભગવાનની સ્મૃતિમાં રહીને, કેવળ ભગવાન તરફ દૃષ્ટિ રાખીને પોતાના ધણીને-છોકરાંને-ગાયોને સાચવતી હતી, એમની રસોઈ બનાવતી હતી, એમને જમાડતી હતી, ગાયો દોહતી હતી, દૂધ વેચતી હતી, છોકરાઓને ભણાવતી હતી. દેહે કરીને એ બધી પ્રવૃત્તિઓ કરતી હતી, પણ આત્માએ કરીને શ્રી કૃષ્ણ પરમાત્મામાં લયલીન થઈ ગઈ હતી. કૃષ્ણની સ્મૃતિ કરીને બધું કરતી હતી તો નિર્લેપ થઈ ગઈ. હનુમાનજી વાનર હતા. પણ રામચંદ્ર ભગવાનમાં લયલીન થઈને દાસત્વભાવે ભક્તિ કરી તો ભગવાન તરીકે પૂજાય છે. અત્યારે દુનિયામાં વધારેમાં વધારે મંદિરો હનુમાનજીનાં છે.

'શ્રીમદ્ ભાગવત'ની કથા કેટલી બધી થાય છે! બધે કથામાં ટોળેટોળાં ઊભરાય છે, પણ એ કોઈનુંય કલ્યાણ થયું સાત દિવસમાં? સૌને સારા સંસ્કાર થયા. પરીક્ષિત રાજાનું સાત દિવસમાં મૃત્યુ થવાનું હતું, પણ શુકદેવજીના મુખારવિંદથી કથા સાંભળીને સાત દિવસમાં મોક્ષ થઈ ગયો. કારણ કે, શુકદેવજી શ્રી કૃષ્ણ પરમાત્માનું સાકાર સ્વરૂપ હતા. કૃષ્ણ પરમાત્માએ દેહ છોડ્યા પછી શુકદેવજી થકી પ્રભુ પ્રગટ હતા. એ સંતના મુખારવિંદથી પરીક્ષિતે 'શ્રીમદ્ ભાગવત'નું રસપાન કર્યું તો 'હું પરીક્ષિત છું' એ માનવીય-માયિક ભાવ જતો રહ્યો. કાલે મૃત્યુ આવતું હોય તો આજે આવે ને આજે આવતું હોય તો હમણાં આવે-નો પ્રૉબ્લેમ! મૃત્યુ મારા દેહનું થશે, પણ મારો આત્મા તો પ્રભુનો છે, તે પ્રભુ સાથે લયલીન થઈ જશે. પરીક્ષિતે મૃત્યુ પર આવો વિજય મેળવ્યો હોય કે'તાં મોક્ષ થયો હોય તો તે શુકદેવજીની વાતોથી.

***"જેમ ગોપીઓએ જે દિવસ થકી શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણારવિંદનો સ્પર્શ કર્યો તે દિવસ થકી જેટલાં સંસાર સંબંધી જે સુખ તે સર્વે ઝેર જેવાં થઈ ગયાં..."***

શ્રી કૃષ્ણ પરમાત્માનો જે ઘડીએ ગોપીઓએ ચરણસ્પર્શ કર્યો તે જ ઘડીથી સંસારની બધી વિટંબણાઓ - સંસાર છૂટી ગયો. એક વખત આ વચનામૃત વંચાતું હશે તે એક મુક્તરાજે યોગીબાપાને પ્રશ્ન પૂછ્યો, 'ગોપીઓએ એક જ વખત ચરણસ્પર્શ કર્યો ને એમાં સંસાર સંબંધી બધાં સુખ છૂટી ગયાં. અને અમે તો રોજ બાપા તમને પગે લાગીએ છીએ, કોથળો ભરીને તમારી પ્રસાદી ખાઈ ગયા છીએ, કેટલી બધી કથા સાંભળીએ છીએ તોપણ અમારો સંસાર કે સંસાર તરફના ભાવો ટળતા નથી તેનું શું કારણ છે?' ત્યારે બાપા પણ હસી પડ્યા.

બાપા ભલે ઓછું ભણેલા, પણ બાપા જેવા ઇન્સ્ટન્ટ જવાબ આપનાર કોઈ જોયા નથી. યોગીજી મહારાજનો જવાબ એટલો સૉલિડ હોય કે પછી

તમને ફરી પ્રશ્ન જ ના ઊઠે. બાપા કહે, 'એનું તો એમ છે કે, ગોપીઓએ શ્રી કૃષ્ણ પરમાત્માને વરવા માટે, એમના થઈને જીવવા માટે દેહ ધારણ કર્યો હતો. આપણા કેસમાં એવું છે કે, ભગવાને આપણા માટે દેહ ધારણ કર્યો છે, એટલે ઊંધું વેતરાઈ ગયું છે.' મુક્તો શું બોલે પછી ? ગોપીઓનો ભાવ એવો, 'અહોહો ! મારા પ્રભુને અર્થે જીવન સમર્પિત છે! આવા ભાવથી ગોપીઓએ ચરણસ્પર્શ કર્યો તો સંસાર છૂટી ગયો.

***“...તેમ જેને પતિવ્રતાના અંગની ભક્તિ હોય તે ગમે તો ઈન્દ્ર જેવો રૂપાળો પુરુષ હોય તથા દેવતા જેવો હોય તથા કોઈક રાજા હોય ને તેને જ્યારે દેખે, ત્યારે જેમ સડેલ કૂતરાને દેખે અથવા વિષ્ટાને દેખે ત્યારે અતિશય ગ્લાનિ પામીને દૃષ્ટિ પાછી ખેંચી લે છે. તે માટે જેની એક ભગવાનને વિષે જ પતિભાવે કરીને વૃત્તિ જોડાણી છે તેનું બીજા કોઈ પુરુષને દેખીને મન રાજી થાય જ નહીં.”***

કોઈ સ્ત્રીને પોતાના ધણી કરતાં વધારે પાવરફુલ, વધારે દેખાવડો, વધારે પૈસાદાર પુરુષ હોય એમાં એનું મન લોભાય નહીં, એમ સ્વામિનારાયણ ભગવાને કહ્યું. ઘણા ભક્તોનું કામ ના થાય, ધંધો-વ્યાપાર ના ચાલે ત્યારે વિચારે કે, આટલું ભજન કર્યું, આટલી પ્રાર્થના કરી તોય આપણું દળદર ફીટતું નથી તો લાવો તિરુપતિ જઈ આવીએ, વૈષ્ણોદેવી જઈ આવીએ, અમરનાથની યાત્રા કરી આવીએ, નાસિક જઈને સાંઈબાબાને મુગટ ચડાવી આવીએ એમ દોરા-ધાગા કરી પોતાના કામ માટે બીજે ફાંફાં મારે છે; એવું જે થાય છે એ પતિવ્રતાની ભક્તિ ના કહેવાય. કોઈક સ્વાર્થ માટે આપણે ભક્તિ કરીએ છીએ. આત્માના કલ્યાણ માટે ભક્તિ કરતા હોઈએ અને જે પ્રભુમાં, જે ગુરુમાં પ્રેમ છે – એ મારે કે તારે, પણ મારા કલ્યાણદાતા એ જ છે, કર્તા-હર્તા પણ એ જ છે; એવા ભાવથી એમને જ વળગીને ભક્તિ કરીએ એ પતિવ્રતાપણું. બીજી કોઈ જગ્યાએ મન લોભાય જ નહીં. બીજી કોઈ જગ્યાએ એનું મન રાજી ના થાય. પોતાના ઈષ્ટદેવ, પોતાના ગુરુની સર્વોપરીભાવે ભક્તિ કરે, ભજન કરે.

***“અને ત્રીજું જેને દાસભાવે કરીને ભક્તિનું અંગ છે તેને પણ પોતાના જે ઈષ્ટદેવ છે તેનું જ દર્શન ગમે અને તેની જ વાર્તા સાંભળવી ગમે ને પોતાના ઈષ્ટદેવનો જ સ્વભાવ ગમે અને તેની જ પાસે રહેવું ગમે.”***

'સુનૃત'માં બાપાએ લખ્યું છે કે, “એમની પાસે બેસવું ગમે, એમનાં દર્શન ગમે, એમની વાત ગમે, એમનો સ્વભાવ ગમે અને એમની પાસે રહેવું ગમે.” એ દાસત્વભક્તિનો ગુણ છે.

***“એવો પ્રીતિવાન હોય તો પણ પોતાના ઈષ્ટદેવની સેવા સારુ ને રાજીપા સારુ રાત-દિવસ એમ ઈચ્છયા કરે જે, 'મને મારા ઈષ્ટદેવ કાંઈક આજ્ઞા કરે તો હું અતિશય હર્ષે કરીને કરું.' પછી પોતાના ઈષ્ટદેવ છે તે આજ્ઞા કરે તો છેટે જઈને રહે તો પણ રાજી થકો રહે, પણ કોઈ રીતે અંતઃકરણમાં ખેદ પામે નહીં અને આજ્ઞાને વિષે જ પરમ આનંદ માને. એ દાસત્વભક્તિની ઉત્તમ દશા છે. એવા દાસત્વભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી છે અને બીજા મુક્તાનંદ સ્વામી છે.”***

દાસત્વભક્તિવાળા આજ્ઞા જડબેસલાક પાળે. પ્રીતિવાળા સહેજે સહેજે મૂર્તિનું મનન-ચિંતવન ખૂબ કરે. અને આત્મનિષ્ઠાવાળા મહિમા બહુ સમજે. મહારાજે મુક્તાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીને દાસત્વભક્તિવાળા કહ્યા.

***“અને એ ત્રણે અંગવાળા જે ભગવાનના ભક્ત તેમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ પક્ષ છે અને એથી જે બહાર રહ્યા તે તો કેવળ પામર કહેવાય. માટે એ ત્રણમાંથી એક અંગ પૂરિપૂર્ણ થાય ને તે કેડ્યે દેહ મૂકે તે તો ઠીક છે અને એ ત્રણમાંથી એકેય અંગ જેને પરિપક્વ ન થયું હોય ને તેને જે મરવું તે ઠીક નથી અને તે તો પાંચ દહાડા વધુ જીવે ને પોતાની અણસમજણને ટાળીને ને એ ત્રણ અંગમાંથી કોઈક એક અંગને દૃઢ કરીને મરે, એ જ ઠીક છે.”***

આપણા દરેકમાં આ છે જ. એટલે જે આત્મનિષ્ઠ હોય, બુદ્ધિપ્રધાન હોય એને તર્ક-વિતર્ક કર્યા કરે, શંકા-આશંકા થતી હોય, પ્રશ્નો બહુ ઊઠતા હોય. એને ભગવાન ને સાધુનો, ભક્તનો મહિમા સમજવાનો – 'અહોહો ! આવા પ્રભુ મળ્યા ! આવા સંતો મળ્યા ! ધન્ય થઈ ગયો !' આવા મહિમાના વિચારમાં રહેવાનું. પછી પ્રેમલક્ષણા ભક્તિ – જેને હેત હોય, પ્રીતિ હોય એ આંખ બંધ કરે એટલે ટેલિવિઝનના સ્ક્રીનની જેમ બધું દેખાય; આ ચિત્તની ભૂમિકા છે.

**બુદ્ધિપ્રધાન હોય એ તર્ક-વિતર્ક કર્યા કરે,
શંકા-આશંકા થતી હોય, પ્રશ્નો બહુ ઊઠતા હોય.
એને ભગવાન ને સાધુનો, ભક્તનો મહિમા સમજવાનો,
'અહોહો ! આવા પ્રભુ મળ્યા ! આવા સંતો મળ્યા !
ધન્ય થઈ ગયો !'
આવા મહિમાના વિચારમાં રહેવાનું.**



તો એણે ભગવાન, સાધુ ને ભક્તોમાં જ પ્રેમ. ભગવાન ને સાધુને વિષે થાય એવો પ્રેમ કોઈ જગ્યાએ નહીં. અને અખંડ એમનું મનન–ચિંતવન–સ્મૃતિ કરવાનો આલોચ રાખવાનો. અને ત્રીજો દાસત્વભાવ. એમણે જે આજ્ઞા આપી એનું અનુસંધાન રાખીને રોજબરોજની ક્રિયાઓ કરવાની એ દાસત્વભાવ. આપણે આ ત્રણ અંગમાંથી એક અંગ સૉલિડ કરી દેવું.

*"અને વળી આ જીવનો તો એવો સ્વભાવ દેખાય છે જે, જ્યારે ગૃહસ્થાશ્રમમાં હોય ત્યારે સંસારનો ત્યાગ કરવો ગમે અને જ્યારે ત્યાગ કરે છે ત્યારે પાછા સંસાર સંબંધી સુખના ઘાટ થયા કરે. એવી રીતે એ જીવનો અવળો સ્વભાવ જણાય છે."*

સંસારમાં ગૃહસ્થીને કકળાટ થાય ત્યારે એને એમ થાય કે, 'ચાલો આના કરતાં તો ત્યાગી થઈ જઈએ.' અને ત્યાગી થયા પછી પાછું ગરમ ગરમ રોટલી ને ઢેબરાં સાંભરે એટલે પછી થાય કે, 'ચાલો ગૃહસ્થ થઈ જઈએ.' એમાં બંને બગડે ને! મહારાજ કહે, એવું નહીં કરવું. પણ જીવનો અવળો સ્વભાવ છે. જ્યાં ભીડો પડે, જ્યાં તકલીફ પડે ત્યાંથી ભાગવાની વાત કરે. ગૃહસ્થ થયા હોવ તો ફુલફ્લેજ ગૃહસ્થ જીવનને દિવ્ય બનાવવું. પ્રશ્નો તો ત્યાગીને પણ આવવાના છે, કારણકે, પ્રશ્નો તો અંદર છે. એનું સૉલ્યુશન – આત્મનિષ્ઠ પુરુષ હોય તો તે ભગવાનનો મહિમા સમજે, વધુ ને વધુ મહિમા ગાય–સાંભળે–વિચારે. પ્રીતિના અંગવાળો સ્મૃતિ કરે અને દાસત્વવાળો એમની આજ્ઞા પ્રમાણે જીવન જીવી સેવા કર્યા કરે; તો જે જ્યાં છે ત્યાં બધા પ્રશ્નો આપોઆપ સોલ્વ થશે અને ગૃહસ્થાશ્રમ પણ દિવ્ય થશે, ત્યાગાશ્રમ પણ દિવ્ય થશે.

*"માટે જે ભગવાનના દૃઢ આશ્રિત હોય તેને તો એવા અવળા સ્વભાવનો ત્યાગ કરીને પોતાના મનનું ગમતું સર્વે મૂકીને ભગવાનને ભજવા અને ભગવાન વિના બીજી સર્વે વાસનાને ટાળીને મરવું તે જ ઠીક છે."*

પોતાના મનનું ગમતું છોડી દો ! ગુરુમુખી બનો. એવું મહારાજનું કહેવું છે. ગુરુમુખી રહીને ભક્તિ કરીશું તો જ્યાં છીએ ત્યાં સુખિયા સુખિયા રહેવાશે. સંસાર છોડીને મંદિરમાંય મનમુખી વર્તશો તો કશું થશે નહીં, ખા ગયા–ખો ગયા જેવું થશે. ખાવા–પીવાનું, હરવા–ફરવાનું તો ભગવાનનો આશરો છે એટલે મળવાનું. પણ આધ્યાત્મિક ઊંચાઈ પર જવું હોય તો ગુરુમુખી – ગુરુની આજ્ઞામાં રહીને ભક્તિ કરો.

*"...અને ભગવાનનો જે ભક્ત હોય તેને તો જે જે પ્રકારનાં દુ:ખ આવે છે તે દુ:ખના દેનારા કાળ, કર્મ, માયા એમાંથી કોઈ નથી."*

*"એ તો ભગવાન જ પોતાના ભક્તની ધીરજ જોવાને અર્થે દુ:ખને પ્રેરે છે અને પછી જેમ કોઈક પુરુષ પડદામાં રહીને જુએ, તેમ ભક્તની ધીરજને ભગવાન ભક્તના હૃદયમાં રહીને જોયા કરે છે. પણ કાળ, કર્મ, માયાનો શો ભાર છે જે, ભગવાનના ભક્તને પીડી શકે? એ તો ભગવાનની ઈચ્છા છે, એમ જાણીને ભગવાનનો ભક્ત હોય તેને મગન રહેવું."*

મહારાજ કહે છે કે, કાળ, કર્મ, માયાની શું તાકાત છે કે, એ મારા ભક્તને દુ:ખી કરી શકે. પણ અમારી પ્રેરણાથી જ ભક્તની ધીરજ, ભક્તની નિષ્ઠા, અમારા તરફનો ભક્તનો પ્રેમ એની ચકાસણી કરવા આ બધું કરતા હોઈએ છે. આપણે એમાં ફેઈલ નથી જવું. પણ ભગવાનને કર્તા–હર્તા માની, ધૂન–ભજન–પ્રાર્થના કરવાં છે અને દુ:ખનો ટાળનાર પ્રભુ તું જ છું, સુખનો આપનાર પણ તું જ છું, એમ જાણીને આપણે 'મગન' રહેવું એટલે કે આનંદમાં રહેવું.

*મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! એ ત્રણ જે અંગ તમે કહ્યાં, તે વાત તો અતિ ઝીણી છે ને કઠણ છે, તે કોઈકના જ સમજ્યામાં આવે ને કોઈકના જ વર્ત્યામાં આવે પણ સર્વેને ન આવે. અને આ સત્સંગમાં તો લક્ષાવધિ મનુષ્ય છે, તે સર્વેને તો આ વાર્તા સમજવી કઠણ છે. માટે તે કેમ કરે ત્યારે તેનું રૂડું થાય ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "તે તો એ ત્રણ અંગવાળા માંહેલો જે હરિભક્ત હોય તેનો દાસાનુદાસ થઈને તેની આજ્ઞામાં રહે, તો તે કાંઈ ન સમજતો હોય તો પણ એ છતી દેહે જ ભગવાનનો પાર્ષદ થઈ રહ્યો છે ને કૃતાર્થ થઈ રહ્યો છે. અને આ સંસારને વિષે ભગવાન ને ભગવાનના ભક્તનો તો મહિમા અતિશય મોટો છે, તે ગમે તેવો પામર ને પતિત જીવ હોય પણ ભગવાન કે ભગવાનના ભક્તને આશ્રિત થાય તો તે જીવ કૃતાર્થ થઈ જાય છે; એવો ભગવાન ને ભગવાનના ભક્તનો મહિમા છે."*

જોયું ! એવા સત્પુરુષની કે એવા ભક્તની આજ્ઞામાં રહી દાસત્વભાવથી ભક્તિ કરે તો બધું આવી જાય. ભગવાનના સંતનો ને ભગવાનના ભક્તનો મહિમા અતિશય મોટો છે. 'અતિશય' શબ્દ વાપર્યો છે. ભગવાનનો આશ્રિત થાય એટલે કૃતાર્થ થઈ જાય છે. એટલે ભગવાનના આશ્રિત જે ભક્તો છે એનાં ગુણગાન ને મહિમા ગાવ ને થાય એટલી સેવા કરો, પણ એના દોષ જોશો નહીં, દોષ સાંભળશો નહીં, એનું ખોટું કરશો નહીં. આટલો નિયમ પાળશો તોય ભગવાન બહુરાજી થશે.

*"માટે જેને ભગવાનના ભક્તની સેવા પ્રાપ્ત થઈ તેને તો નિધડક રહેવું."*

મહારાજ મુક્તાનંદ સ્વામીના પ્રશ્નના જવાબમાં બધી વાતો આપણને કરે છે. આપણા હૈયામાં રહેલી માહાત્મ્યરૂપી જે કસર છે એ જ એમને ટાળવી છે અને એ કસર ટાળવા માટે મહારાજે આ 'વચનામૃત'માં મહિમાની ખૂબ વાતો કરી છે. આપણે સંતોનો, ભક્તોનો મહિમા જેટલો સમજીશું, જેટલો ગાઈશું, જેટલો સાંભળીશું અને તેઓ ઘરે આવે ત્યારે કે આપણે અહીંયાં આવીએ ત્યારે – જ્યારે પણ ચાન્સ મળે ત્યારે એમની સેવા અહોહોભાવે, આનંદપૂર્વક, પ્રભુના ભાવથી કરીએ તો બીજું કોઈ વિશેષ તપ, વ્રત કરવાની જરૂર જ નથી એમ મહારાજ કહે છે. આવો મહિમા દિવસે દિવસે પ્રભુ સાથે ભક્તોનો ને સંતોનો વધતો રહે એવી પ્રભુચરણે, ગુરુચરણે પ્રાર્થના !

જય સ્વામિનારાયણ ! ◆